Year : 1 | Volume : 2 | Page : 40 | January 2020

Founded in 1985

A quarterly magazine for members of Machine Tools Manufacturers Association - Rajkot

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*




**Inauguration of 'MTMA & YOU'**

**Seminar on 'Goal Setting'**






**Group Visit for 'ENGIMACH 2019'**

www.mtmarajkot.org

## Board of Directors



**YOGIN CHHANIARA**
PRESIDENT



**HARESH PATEL**
VICE PRESIDENT



**TEJAS DUDAKIYA**
HON. SECRETARY



**DEVAL GHORECHA**
JOINT SECRETARY



**KANAKSINH GOHIL**
HON. TREASURER



**SACHIN NAGEWADIA**
DIRECTOR



**BRIJESH SAPARIYA**
DIRECTOR



**KARAN PARMAR**
DIRECTOR



**PIYUSH DODIA**
DIRECTOR



**ASHWIN KAWA**
DIRECTOR



**KETAN GAJERA**
DIRECTOR



**BIPIN SIDDHAPURA**
CO-OP. DIRECTOR



**RAJESH DODIA**
CO-OP. DIRECTOR



**GHANSHYAM PARMAR**
CO-OP. DIRECTOR



Year : 1 | Volume : 2 | Page : 40 | January 2020

A quarterly magazine for members of Machine Tools Manufacturers Association - Rajkot

Founded in 1985

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*

**પ્રમુખ**
શ્રી યોગીન છનીયારા
(છનીયારા એન્જીનીયર્સ પ્રા.લી.)

**ઉપપ્રમુખ**
શ્રી હરેશ પટેલ
(સોલાર મશીન ટૂલ્સ)

**માનદ્ મંત્રી**
શ્રી તેજસ દુદકિયા
(ડોવેલ મશીનરી પ્રા.લી.)

**માનદ્ સહ-મંત્રી**
શ્રી દેવલ ઘોરેચા
(એક્યુરેટ મશીન ટૂલ્સ)

**માનદ્ ખજાનચી**
શ્રી કનકસિંહ ગોહિલ
(તારક મશીન ટૂલ્સ)

**માનદ્ તંત્રી**
શ્રી દેવલ ઘોરેચા

## અનુક્રમણિકા


થોડું આ પત્રિકા વિશે ........ ૪
જાહેરાતના દર ........ ૪
તંત્રી સ્થાનેથી ........ ૫
પ્રમુખના વિચારો ........ ૬
ચાલો વિચારીએ ........ ૮
MTMA NEWS ........ ૧૦
World Innovation ........ ૨૬
કાયદાકીય સલાહ સૂચનો ........ ૨૮
Useful Apps ........ ૩૧
ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરની કલમે ........ ૩૨
આમંત્રિત લેખકની કલમે ........ ૩૩
MTMA કેલેન્ડર ........ ૩૬
મશીન ટૂલ્સ એક્ઝીબીશન કેલેન્ડર ........ ૩૬
છેલ્લે... એક નાની વાત ........ ૩૮


Front Page Image:



**Woman at BASF Gas Engine Power House (1917)**

**મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન**
૪૪, શિવાનંદ કોમ્પ્લેક્ષ,
મહેતા પેટ્રોલ પંપ ની બાજુમાં, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૨
ફોન: +૯૧ ૨૮૧ ૨૨૩૮૭૦૮
મોબાઈલ: +૯૧ ૯૪૨૭ ૪૧૦૮૫૧
ઈમેલ: mtmarajkot@gmail.com
વેબસાઈટ: www.mtmarajkot.org

Follow us on
www.facebook.com/groups/165606853495237/

Disclaimer:
1. All the Statements, Opinions, Views, News, Articles, etc. appearing in this Magazine are the expressions of Contributors and either the Editor or the Association is not responsible for the same.
2. This Magazine is for private circulation only.

## થોડું આ પત્રીકા વિશે

'MTMA & YOU' નામ જાણીતું થઈ રહ્યું હોય એવું લાગવા માંડ્યું છે... પહેલા અંકનું વિમોચન ખુબ સરસ રહ્યું, સભ્યોનો અને અન્ય વાંચનાર વર્ગનો પ્રતિસાદ સારો રહ્યો.

શરૂઆતથી જ, આ મેગઝીનમાં એક કોલમ આપણા સભ્યોનું કોઈ અનન્ય કે નવીનતમ કાર્ય/ઘટના હોય, તો તેને બિરદાવવા અને દેશ–દુનિયાને તેની યોગ્ય રીતે જાણ થાય એ માટે રાખેલ છે. તો સૌ સભ્ય–મિત્રો ને એક અપીલ છે કે તમે તમારી નવી મશીનરી, નવો વિચાર, કોઈ નોંધપાત્ર સન્માન/એવોર્ડ વિગેરે MTMA સાથે શેર કરવા માંગતા હોય તો તેની વિગતો ફોટા સાથે અમોને મોકલી આપો. જો તે મેગઝીન–કમિટી દ્વારા યોગ્ય જણાશે તો તેને આ મેગેઝીનમાં યોગ્ય સમયે છાપીને તેઓનું સન્માન કરીશું.

અગાઉ જણાવ્યા મુજબ, એક નમ્ર વિનંતી છે કે આ પત્રિકા આપના ટેબલ પર રાખવી, જેથી સમય મળ્યે, ત્રણ મહિનામાં આ પત્રિકા આખી વંચાઈ જાય અને તો અમારી આ પત્રિકા બનાવવાની મહેનત સફળ થશે અને તમને અને અન્ય વાંચનારને જીવનમાં ક્યારેક તો ઉપયોગી થશે જ. આ ઉપરાંત સૌ મેમ્બરોને અભિપ્રાય આપવા વિનંતી છે જેથી આપણે આ મેગેઝિનને વધુને વધુ સારું બનાવી શકીએ.

સભ્યોને અનુકુળ અને ઉપયોગી એવી જાહેરાતો વધી રહી છે. અને આપ સૌને નમ્ર આગ્રહ છે જાહેરાત આપી અમારી ટીમને પ્રોત્સાહિત કરજો.

આપણું એસોસીએશન આપ સૌને આપના વિચારો, લેખ અને અન્ય માહિતી, જે આપણે સૌને ઉપયોગી થાય, તે મોકલવા પણ નમ્ર વિનંતી કરે છે, જે તંત્રી માન્ય કરશે તો આપણે છાપીશું.

ગયા અંક માં થોડી ક્ષતિ પણ રહી જવા પામી હતી, જે સુધારી લીધી છે. આપ સૌ ધ્યાન દોરતા રહેજો. ગયો અંક ઘણા સભ્યોને નથી મળ્યો એ માટે ક્ષમા–યાચના. એનું નિરાકરણ પણ આ વખતે કરવાની બનતી કોશિશ કરી છે. પણ આપ સૌને વિનંતી છે કે અંક ના મળવાની ફરિયાદ તાત્કાલીક આપણી ઓફીસ પર કરી આપવી, જેથી યોગ્ય કરી શકાય.

ચાલો 'MTMA & YOU' ને વધુ સારું બનાવીએ.

–તંત્રી

### Advertisement Rates for MTMA & YOU, a Quarterly Newsletter

| Advertisement | Ad Size (WxH) (in cm) | Member Single Issue | Member Yearly (4 Issues) | Non Member Single Issue | Non-Member Yearly (4 Issues) |
|---|---|---|---|---|---|
| Full Page Inner | 18 x 25 | 6,000/- | 18,000/- | 9,000/- | 27,000/- |
| Half Page Inner | 18 x 12 | 4,000/- | 12,000/- | 6,000/- | 18,000/- |
| Quarter Page Inner | 8.5 x 11 | 2,500/- | 7,500/- | 4,000/- | 12,000/- |
| Visiting Card | 8 x 5 | 1,500/- | 4,500/- | 2,500/- | 7,500/- |
| Front Page Inner | 18 x 25 | 15,000/- | 45,000/- | 22,000/- | 66,000/- |
| Back Page Inner | 18 x 25 | 12,000/- | 36,000/- | 18,000/- | 54,000/- |
| Back Page | 18 x 25 | 18,000/- | 54,000/- | 27,000/- | 81,000/- |
| Bottom Strip in Inner Pages | 18 x 2 | NA | 45,000/- | NA | 60,000/- |
| Sponsor Back Full Page Ad. and Bottom Strip in Inner Pages | Strip 18 x 2 | NA | 90,000/- | NA | 1,25,000/- |

**નોંધ :** • જાહેરાત .cdr,.pdf અથવા .eps ફોર્મેટમાં આપવી. • 5% GST અલગથી ચુકવવાનો રહેશે.
• પેમેન્ટ 'મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન' રાજકોટના નામે આપવાનું રહેશે.
• જાહેરાત આપવા માટેનું ફોર્મ online પણ ઉપલબ્ધ છે. www.mtmarajkot.com/ad_form





## તંત્રી સ્થાનેથી...

### RESULT & SUCCESS (પરિણામ અને સફળતા)

કોઈ પણ કામ કરો તો તેનું પરિણામ (Result) તો આવવાનુ જ છે, સારું કે ખરાબ. પણ જો તે કામ આપણે ૧૦૦% આપીને દિલ દઈને કર્યું હશે તો તેનું ખરાબ પરિણામ પણ આપણને તકલીફ નહિ આપે અને એના સારા પરિણામ (જેને Success કહી શકીએ) માટેની મહેનત અને આશા યથાવત રહેશે. એથી વિરુદ્ધ, જે કામ નું પરિણામ ખુબજ સારું આવ્યું હશે, પણ તમે જો તે દિલથી અને ૧૦૦% આપીને તે નહિ કર્યું હોય તો એ તમને ક્યારેક ને ક્યારેક તો ખટકશે જ. એટલે કે તમારી સફળતામાં તમારી મહેનત કે નીતિ નહિ હોય તો એ સફળતાની બહુ મજા નથી અને ક્યારેક આવી સફળતા બહુ ટૂંકી હોય છે અથવા તો એને પચાવવી પણ બહુ મુશ્કેલ થઈ પડે છે.

મુદ્દા ની વાત પર આવીએ...

મશીન ટૂલ્સ માં આપણે મશીન, એસેસરી, ફિક્સ્ચર વિગેરે માટે વિવિધ ડિઝાઈન અને કન્સેપ્ટ વિચારી અને બનાવતા હોઈએ છીએ. પરંતુ એ દરેક વખતે સફળ થતી નથી અથવા તો તેને સમય–સમયે ફેરફાર કરી અને સફળ બનાવવી પડતી હોય છે. જે વસ્તુ આજે નથી ચાલતી અથવા તો આજે જે Trend માં નથી તે વસ્તુ આવતીકાલની Hot-cake પણ હોઈ શકે છે, માટે જરૂરી એ છે કે તમે તમારા કાર્ય ને "વિવેક–પૂર્વક" વળગી રહો અને તમારા આઈડિયા, ડિઝાઈન કે કન્સેપ્ટને નિખારતા જાઓ, એક દિવસ એ જરૂર ચમકશે જ.

આ વાત મશીન ટૂલ્સ માટે બીજી ઘણી રીતે પણ લાગુ પાડી શકાય એમ છે. જેમ કે તમારી Business Strategy, Team-Building, Network System વિગેરે. જો આ બધાને positive-way માં લઈને અને કદાચ એ વર્તમાન સમય કરતાં જુદું પડતું હોય અને સ્વીકારાતું ન હોય, છતાં પણ સમય આવ્યે એ જ પહેલું રહેશે અને તમને ત્યારે તેનો તુંરત લાભ મળશે.

જેમ આપણે જાણીએ છીએ કે ખેડૂત તો વર્ષોવર્ષ ખૂબ મહેનત કરે છે, એમાં જરા પણ એની દિલ–દગડાઈ કે આળસ નથી, પૂરેપૂરો પરસેવો પાડે છે, પણ જ્યારે એની મહેનત ઉપર યોગ્ય સમયે, યોગ્ય માત્રામાં પાણી મળે તો જ પાકની રંગત જામે.

રાજકોટમાં (અને દુનિયામાં બધે જ.. કદાચ) અવનવી શોધ કરીને, ખુબ જ મહેનત કરીને, સારામાં સારું પરિણામ લાવનારા પુષ્કળ છે... પણ સફળતા...? એક અલગ જ વસ્તુ છે, એ અલગ વિષય છે, કેમ કે....

**"પરિણામ સ્વીકારવું પડે છે અને સફળતા સ્વીકારાય જાય છે..."**

પણ... એ વાત ફરી ક્યારેક.... એના માટે ક્યાંક વાચેલું યાદ આવે છે...

**"સફળતા એ મહેનતથી, નિષ્ઠાથી, દ્રઢતાથી, સંપૂર્ણતાથી અને નિષ્ફળતામાંથી શીખીને કરેલ કામનું પરિણામ છે.**



જય હિન્દ.

તમારો પ્રતિસાદ આપતા રહેજો.

–દેવલ ધોરેચા
info@accuratelathe.com

## પ્રમુખ સ્થાનેથી...

વ્હાલા સભ્યશ્રીઓ,

નમસ્કાર... કુશળ હશો.

ભારતભરમાં ચાલી રહેલી મંદીનો સામનો આજે આપણે સહુ કરી રહ્યા છીએ ત્યારે આપના ઉદ્યોગોને મંદીના દોરમાં પૂર્ણત: અકબંધ રાખી શકીએ તે માટેના પ્રયત્નો અને મેહનત આપણે સહુએ કરવી રહી. સમય કોઈ દિવસ એક સરખો રહતો નથી. આપણી પ્રતિબદ્ધતા, આત્મવિશ્વાસ અને ધગશ જાળવીએ. સરકારશ્રીમાં પણ પ્રશ્નોની રજૂઆતો કરેલ છે અને સાથે સાથે રાજ્ય કર ભવન, અમદાવાદ ખાતે ઉદ્યોગ કમિશ્નરને પણ આપણાં મશીન ટૂલ્સ ને લગતી પોલિસી બાબત રજૂઆતો કરેલ છે. બંધારણીય નિર્ણયો પણ સમયાનુસાર એસોસીએશનના લાભાર્થે લેવામાં આવ્યા છે.

નવી કારોબારીના પુર્ણ થયેલ છ માસિક કાર્યોમાં સમિતિ દ્વારા યોજાયેલ 4 સેમિનારો, MTMA & YOU ત્રિમાસિક બુલેટિન, એક્સિબિશનો જેવાકે Engimech-2019 અને Jamnagar TECHFEST-2020ના માધ્યમથી સભ્યભાઈશ્રીઓ માટે એક ધંધાકીય તકો પૂરી પડેલ છે. આગામી દિવસોમાં મુંબઈમાં યોજાનાર MMT EXPO-2020 અને આપણું પોતીકું RMTS-2020 એક્સિબિશનો માટે અત્યારે અમારી સમગ્ર સમિતિ એસોસીએશનના સભ્યભાઈઓ માટે કઈક નવું કરી છૂટવાની ભાવના સાથે પૂરા જોમથી કાર્યો કરી રહેલ છે . જેમાં આપ સહુના પણ સાથ સહકારની અપેક્ષા રહશે .

સંસ્થાને વધુને વધુ કાર્યશીલ બનાવીશું તેવી નેમ સાથે...

આભાર.
**યોગીન છનિયારા**

પ્રમુખશ્રી
મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન – રાજકોટ









## ચાલો વિચારીએ

> The healthiest competition occurs when average people win by putting above average effort.
>
> \- Colin Powell

- **Don't Complicate Life**

| | |
|---|---|
| Missing somebody? | **CALL** |
| Wanna meet up? | **INVITE** |
| Wanna be understood? | **EXPLAIN** |
| Have questions? | **ASK** |
| Don't like something? | **SAY IT** |
| Like something? | **STATE IT** |
| Want something? | **ASK FOR IT** |
| Love someone? | **TELL THEM** |

**Keep your life SIMPLE**

**Imagine...**

**what we can achieve...**

**When we**
**WORK TOGETHER...**





CITY®
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
EASY CUTTING & BENDING
IRON WORKER



POWER PRESS



ACCURATE INDUSTRIES
**Factory:** 3, Atika Dhebar Road (South), Rajkot (Guj.) INDIA.
**Mo.: 9227744900 / 500**
**E-mail:** city_powerpress@yahoo.com | **Web.:** www.citypowerpress.com / www.ironworker.in

## MTMA NEWS

### • GOAL SETTING SEMINAR

આપણે સૌ જાણીએ છીએ તેમ એસોસીએશને આ વર્ષે TUV-SUD સાથે મળીને કુલ ચાર સેમિનારનું આયોજન કરેલ છે, જે પૈકીનો પહેલો સેમિનાર Goal Setting માટેનો હતો. તારીખ 12.10.2019 ના રોજ Hotel Sarovar Portico ખાતે આ સેમિનારનું આયોજન કરેલ. TUV-SUD તરફથી શ્રી વિરાટભાઈ ઢેબર અને શ્રી અમિતભાઈ કેલૈયા એ બહુ જ સચોટ રીતે અને ઊંડાણપૂર્વક Goal Setting વિશેની માહિતી અને પ્લાનિંગ વિશે Interactive વાતો કરી, આ સેમિનારમાં કુલ ૧૭ મેમ્બરોએ ભાગ લીધેલ. આશા છે કે ભાગ લેનાર સૌ સભ્યામીત્રોને આ સેમિનારનો લાભ મળશે જ. આ ઉપરાંત સૌ મેમ્બરોને વિનંતી છે કે તેઓ આવનાર સેમિનારમાં ભાગ પણ ભાગ લે, જે ખરેખર પોતપોતાના યુનિટ માટે ખૂબ લાભદાયી બની રહેશે.





### • બોર્ડ મેમ્બર્સનું સ્નેહ મિલન

આપણા એસોસીએશનની દર મહિનાના પહેલા મંગળવારે થતી બોર્ડ મીટીંગ, આ વર્ષે દિવાળી પછી ફેમિલી સાથે મળીને સ્નેહમિલન ના રૂપમાં ઉજવવાનું નક્કી કર્યું હતું. આ માટે તારીખ 5.11.2019 ના રોજ હોટલ ગીરીરાજ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે સાંજે સાત વાગે બોર્ડ મીટીંગનું આયોજન કરેલ. આ મિટિંગમાં દરેક બોર્ડ મેમ્બર ના ફેમિલીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો અને મીટીંગ પૂર્ણ થઈએ સૌ સ્વખર્ચે ત્યાં જમવાનો આનંદ લીધેલ.


















## MTMA NEWS

### MTMA & YOU પ્રથમ અંકનું વિમોચન

'MTMA & YOU' ના પ્રથમ અંકનું વિમોચન કરવાનું બહુ જ ટૂંકા ગાળામાં નક્કી કર્યું હતુ. એસોસીએશન અને મેમ્બર્સના સેતુ સમાન આ મેગેઝીનનો પ્રથમ અંકનું વિમોચન તારીખ 19.10.2019 ના રોજ શ્રી પરાક્રમસિંહ જાડેજા (CMD, Jyoti CNC Automation Ltd.) અને શ્રી હંસરાજભાઇ ગજેરા (ચેરમેનશ્રી – ગુજરાત રાજ્ય બીન–અનામત આયોગ, પ્રાંત પ્રમુખશ્રી – લઘુ ઉદ્યોગ ભારતી, ગુજરાત) ના હસ્તે કરવામાં આવ્યું હતુ. ફક્ત બે દિવસ પહેલા જ જાણ કરવા છતાં આ બંને મહાનુભવોએ પોતાનો કિમતી સમય કાઢી અને MTMAના આ કાર્યમાં હાજર રહ્યા, જે ખૂબ જ પ્રશંસનીય છે અને MTMA હંમેશા તેઓનું આભારી રહેશે.



આ કાર્યક્રમનું સંચાલન MTMA ના ડીરેક્ટર શ્રી સચિનભાઇ નગવાડીયાએ સરસ રીતે કરેલ. એસોસીએશનના આ ખૂબ મહત્વપૂર્ણ પ્રસંગે એસોસીએશન નિમંત્રણને માન આપીને વિવિધ ઉદ્યોગો, સંસ્થાઓ અને સરકારી–બિનસરકારી એસોસીએશન તરફથી વિવિધ મહાનુભાવો હાજર રહેલ. જેમાં શ્રી દિનેશભાઈ ખંભાયતા (ભૂતપૂર્વ પ્રમુખ – મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન), શ્રી કાન્તીભાઈ પટેલ (ભૂતપૂર્વ પ્રમુખ – મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન), શ્રી જયભાઇ માવાણી (ભૂતપૂર્વ સહ મંત્રી – મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન), શ્રી પૌરવભાઈ પોપટ (એડવોકેટ), શ્રી શ્યામ નાયક (Fanuc India Pvt. Ltd. – Rajkot), શ્રી દુશ્યન્તભાઈ (મે. આદિત્ય સ્પેશ્યલ સ્ટીલ), શ્રી વેન્કટાચેલાપથી (જનરલ મેનેજર, NSIC – રાજકોટ), શ્રી અભિષેક સૂચક (CMTI – રાજકોટ), શ્રી વિરાટભાઈ ઢેબર (Assistant Vice President, Academy, TUV SUD South Asia), શ્રી રતિભાઇ સાદરીયા (ઉપ–પ્રમુખ, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઅલ એસોસીએશન), શ્રી બ્રિજેશ પુરોહિત (મે. સનલાઈન ઈન્ફોટેક), MSME – રાજકોટથી શ્રી શ્રી આર. પી. જોશી અને શ્રી પ્રણવ, શ્રી સ્વપ્નીલ ભાટિયા (Engineering Review Magazine) વિગેરે હાજર રહી અને આ કાર્યક્રમને ખુબજ પ્રેરક બનાવ્યો.







આ મેગેઝીનને ખુબજ સુંદર ડીઝાઇન અને પ્રિન્ટ કરવા માટે કટીબદ્ધ એવા U-Line Multi Print માંથી શ્રી નવીનભાઈ અને શ્રી ભાવિનભાઈ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.





MTMA NEWS

શ્રી હંસરાજભાઇ ગજેરા એ આ મેગેઝિનના બિરદાવતા આપણા ઉદ્યોગોને લગતી ઘણી નવી માહિતીઓ પણ આપી જે ખૂબ પ્રશંસનીય છે. આ ઉપરાંત શ્રી પરાક્રમસિંહ જાડેજા મેગેઝીનને જોઈને ખૂબ જ હર્ષની લાગણી અનુભવી અને જણાવેલ કે એસોસીએશનની વર્ષો જૂની ઈચ્છા હવે પૂરી થઇ અને ખાસ ટકોર કરી કે આ મેગેઝીન હવે હરહમેંશ ચાલુજ રહેવું જોઈએ. આ ઉપરાંત તેઓએ ઘણા ઉપયોગી માર્ગદર્શન અને સૂચનો બહુજ યોગ્ય રીતે આપ્યા. આ પાછળ મહેનત લીધેલ દરેક સભ્ય ભાઈઓનો દિલથી આભાર વ્યક્ત કરેલ.





શ્રી વિરાટભાઈ ઢેબરે ખુબજ સુક્ષ્મ દ્રષ્ટિ થી એસોસીએશનના આ કાર્યને અનુલક્ષીને રસપ્રદ માહિતી આપી. શ્રી દિનેશભાઈ ખંભાયતા એ પણ આ કાર્યક્રમ દરમ્યાન તેમની શુભેચ્છા વ્યક્ત કરેલ. એસોસીએશનના પ્રમુખ શ્રી યોગીનભાઈ છનીયારાએ મેગેઝિન શરૂ કરવાની જરૂરિયાત અને તેના વિવિધ પાસાઓ રજુ કરીને આ પ્રથમ અંકને બિરદાવેલ. 'MTMA & YOU' માનદ્ તંત્રી શ્રી દેવલભાઈ ધોરેચાએ મેગેઝિનમાં આવરેલ વિવિધ વિષયો વિષે વિગતપૂર્વક માહિતી આપી અને શ્રી પરાક્રમભાઈ અને શ્રી હંસરાજભાઇ પાસેથી આવેલા સૂચનો ની નોંધ લીધી અને મેગેઝીનને સફળ બનાવવા આવેલ દરેકને જાહેરાત આપવા અપીલ કરી.





વિમોચનનો આ કાર્યક્રમ તારીખ 19.10.2019 ના રોજ હોટેલ ધ ગ્રાન્ડ ઠાકર, રાજકોટ ખાતે રાખેલ. જેમાં 85 વ્યક્તિઓએ હાજરી આપેલ, જે દર્શાવે છે કે મેગેઝીનનું મહત્વ હજુ આજના યુગમાં પણ અકબંધ છે.









## MTMA NEWS

### • GM, NSIC - RAJKOT VISITED MTMA

NSIC, Rajkot ના GM શ્રી વેન્કટાચેલાપથીએ MTMAને એક મિટિંગ યોજવાની દરખાસ્ત કરેલ, જેનો મુખ્ય ઉદ્દેશ આપણા સભ્યોને NSIC માટે રજીસ્ટર કરાવવા. આ માટે તારીખ 22.10.2019 ના રોજ એસોસીએશનની ઓફિસ ખાતે શ્રી વેન્કટાચેલાપથી (GM, NSIC), શ્રી મુરલી મનોહર અને શ્રી નવીન કુમાર (Asst. Manager, Technical) સાથે એક અર્થપૂર્ણ મીટીંગ થઈ જેનો સર્ક્યુલર આપણે દરેક સભ્યો ભાઈઓ ને મોકલી આપ્યો છે અને પ્રમુખ શ્રી યોગીનભાઈ છનીયારાએ તેમનો હૃદયપૂર્વક આભાર માની સર્વે સભ્યોને ખાસ આગ્રહ કરેલ છે કે જયારે સરકારી સંસ્થા એસોસીએશન સાથે આટલી આત્મીયતાથી કામ કરવા ઈચ્છે છે અને રજીસ્ટ્રેશન માટે આટલી જાગૃતતા દેખાડી, જરૂર પડ્યે દરેક જગ્યાએ મદદ કરવા તૈયારી બતાવે છે, તો આપણા દરેક સભ્યોએ આનો લાભ લેવોજ જોઈએ અને આ માટે એસોસીએશન હંમેશા તત્પર રહ્યું છે. આ ટૂંકી મુદત ની મીટિંગમાં ચાર બોર્ડ મેમ્બરોએ હાજરી આપેલ.











### • FAG BEARING

FAG

આપણે સૌ મેમ્બરોને જે પ્રમાણે અગાઉ જાણ કરેલ છે તે મુજબ SKFએ પોતાના અગંત કારણોસર એસોસીએશનને બેરીંગ ન આપવાનો તાત્કાલિક નિર્ણય લીધેલ, જેને હિસાબે આપણે આપણા સભ્યોને ફક્ત સ્ટોક માંથીજ બેરીંગ આપી શકતા હતા અને નવા ઓર્ડર લઈ શકતા નહોતા. આના માટે એસોસીએશનની બેરીંગ કમિટી વતી શ્રી સચીનભાઈ નગેવાડીયાએ ખૂબ જહેમત લઈ અને SKF ની સમકક્ષ એવી બેરીંગ કંપની FAG સાથે ખૂબ મહત્વની ચર્ચા કરી અને એકદમ કિફાયતી ભાવે બેરીંગ આપણને મળે તે માટે ખૂબ જ મહેનત કરેલ. એસોસીએશનને જણાવતા આનંદ થાય છે કે તેઓની આ મહેનત સફળ રહી અને FAGએ આપણને સારો રીસ્પોન્સ આપેલ છે. આ માટેનો સર્ક્યુલર તારીખ 7.11. 2019 ના રોજ દરેક મેમ્બરોને મોકલેલ છે. તો અત્યારે હાજર રહેલ બેરિંગ પૈકી 6505, 6206, 6207, 32211, 32212, 32213, 32214, 32216 અને 580/572 માંથી દરેક સભ્યો ભાઈઓ વધુને વધુ સંખ્યામાં આ બેરીંગ ખરીદ કરે એવો આગ્રહ છે. અન્ય સીરીઝ ટૂંક સમયમાં આવી જશે જેની સર્ક્યુલર દ્વારા જાણ કરવામાં આવશે. આ ઉપરાંત સભ્યોની સ્પેશિયલ રિક્વાયરમેન્ટ હોય તો તે પણ એસોસીએશનને જણાવી, જેથી તેના માટેનું યોગ્ય કાર્ય શક્ય હોય તો થઈ શકે. ઘણા સભ્યોએ FAG બેરીંગ એસોસીએશનમાંથી ખરીદ કરવાનું ચાલુ કરી દીધેલ છે, તેમનો એસોસીએશન હૃદયપૂર્વક આભાર માને છે.

















## MTMA NEWS

### • MEETING FOR MMT EXPO 2020

આપણે સૌ જાણીએ છીએ તેમ MTMA – Rajkot અને Nesco Ltd. – Mumbai સાથે MMT Expo – 2020 માટે ખૂબ જ મહત્વપૂર્ણ ટાઈ–અપ કરેલ છે. આ ટાઈ–અપને અનુલક્ષીને Nesco Ltd. – Mumbai થી શ્રી પ્રશાંત બહલ તારીખ 14 &15 નવેમ્બર દરમ્યાન રાજકોટ આવેલ અને ઘણા સભ્યોની મુલાકાત લીધેલ.

એસોસીએશનને જણાવતા આનંદ થાય છે કે તેમની આ વિઝીટ ખૂબ જ સફળ રહેલ અને લગભગ 10 જેવા સભ્યોએ પોતાના સ્ટોલ આ એક્ઝિબિશનમાં બુક કરાવેલ છે. તારીખ 15.11.2019 ના રોજ શ્રી પ્રશાંત બહલએ એસોસીએશનની મુલાકાત લીધેલ જેમાં, પ્રમુખ અને મંત્રી થઈને ૮ બોર્ડ મેમ્બર હાજર રહ્યા હતા. આ મીટીંગ નો મુખ્ય ઉદ્દેશ MMT Expo – 2020 નો દ્રષ્ટિકોણ સમજાવવાનો હતો અને સ્ટોલ ઉપરાંત એક્ઝિબિશન દરમિયાન આયોજક લોકોને કેટલાક અલગ અલગ પ્લેટફોર્મ દ્વારા એસોસીએશનના સભ્યોને લાભ આપવા માગે છે અને આ માટેના વિવિધ પેકેજ પણ સમજાવેલ, જે ખરેખર ભાગ લેનાર સભ્યો માટે બહુ ઉપયોગી છે. આપણે સર્ક્યુલર દ્વારા જણાવેલ તે મુજબ આ એક્ઝિબિશન માટેના MTMA ના મેમ્બર માટેના સ્પેશ્યલ રેટ નક્કી કરવામાં આવેલ છે, જે મુંબઈ માટે તો ખૂબ જ વ્યાજબી છે. જેમ આગળ જણાવ્યું તેમ 10 સભ્યો એ બુકિંગ કરાવી લીધેલ છે જેઓએ ન કરાવ્યું હોય અને કરાવવાની ઈચ્છા હોય તેઓએ તાત્કાલિક શ્રી પ્રશાંત બહલનો કોન્ટેક્ટ કરવો.






### • SEMINAR ON EFFECTIVE CUSTOMER COMPLAINT HANDLING

MTMA અને TUV-SUD સાથે નો બીજો સેમિનાર તારીખ 23.11.2019 ના રોજ Hotel Sarovar Portico ખાતે રાખેલ. 'ઈફેક્ટિવ કસ્ટમર હેન્ડલિંગ' આ વિષય આજના યુગ માટે ખૂબ જ ઉપયોગી છતાં પણ બહુ ધ્યાનમાં ન લેવાયેલો વિષય છે. TUV-SUDના શ્રી અમિતભાઈ કેલૈયા સેમિનારને વાસ્તવિકતા સાથે જોડીને ખૂબ જ માહિતીપૂર્ણ અને બહુ ઉપયોગી બનાવ્યો. આ સેમિનારમાં કુલ ૧૪ સભ્યોએ ભાગ લીધેલ.









## MTMA NEWS

### • SEMINAR ON ZED BY MSME-DI, RAJKOT

Zero Defect Zero Effect (ZED) આજના યુગ માટે આ બહુજ મહત્વપૂર્ણ વિષય માટે, MSME, DI, Rajkot દ્વારા એક સેમિનાર તા. 16.11.2019 યોજવામાં આવેલ અને MTMA ના દરેક મેમ્બર ને આ સેમિનારમાં વિનામૂલ્યે ભાગ લેવા તેઓએ આમંત્રણ આપેલ. આ ઉપરાંત MTMA ના પ્રમુખ અને સેક્રેટરીને આ સેમિનારમાં સ્પેશિયલ ઇન્વિટેશન આપેલું, જેને સ્વીકારીને પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા અને સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકિયા એસોસીએશન તરફથી મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા. આ કાર્યક્રમનું સંચાલન MSME, DI, Rajkot શ્રી પુંજાણીભાઈએ ખુબ સરસ રીતે કરેલ. MSME તરફથી Ms. Ruby Rani, IES (Assistant Director, MSME, DI, Rajkot) એ વેલકમ સ્પીચ આપી.

Ms. Yassna Gautam (MSME Facilitation Manager, DIC, Rajkot) અને Mr. Dharmendra (Deputy Manager, NSIC, Rajkot) દ્વારા સરકારની વિવિધ યોજનાઓ વિષે બહુઉપયોગી માહિતીઓ આપી. ZED માટેના ટ્રેનર Mr. Jayen Kotecha એ Zero Defect Zero Effect (ZED) ની જરૂરિયાત અને ફાયદાઓ વિષે વિગતવાર માહિતી આપીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો.











એસોસીએશન તરફથી પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારાએ MSME નો આભાર વ્યક્ત કરતા જણાવ્યુકે આ બહુઉપયોગી યોજના માટે એસોસીએશન યોગ્ય સહકાર આપવા હંમેશા તત્પર છે અને રહેશે. સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકિયા એસોસીએશન વતી MSME ની ટીમનો આભાર માનેલ અને એસોસીએશન માટે આ લાગણી ને ટકાવી રાખવા યોગ્ય કરવા બાહેંધરી આપેલ.







## MTMA NEWS

### GROUP VISIT AT ENGIMACH 2019

તા. 04.12.2019 થી તા. 08.12.2019 દરમ્યાન ગાંધીનગર ખાતે એક ખુબ જ સરસ એકઝીબિશન Engimach 2019 યોજાયેલ. આ વખતે એસોસીએશન દ્વારા તા. 04.12.2019 ના રોજ એક દિવસીય ગ્રુપ વિઝીટ નું આયોજન કરવામાં આવ્યું હતું અને કુલ ૪૦ સભ્યો આ ગ્રુપ ટુર માં જોડાયા હતા.




Engimach 2019 માં કુલ 589 સ્ટોલ હતા અને 16 દેશોથી અલગ અલગ કંપનીઓ ભાગ લેવા આવી હતી. ગત વર્ષના 40,000 સ્કે.મી. ના કરતા આ વર્ષે 60,000 સ્કે.મી. માં આ વિશાળ એકઝીબિશન આયોજિત થયું હતું. આ ઉપરાંત ગત વર્ષે 70,000 થી વધુ વિઝીટર્સ હતા અને આ વખતે 78,000 થી વધુ વિઝીટર્સની હાજરી હતી. MTMA ના 33 સભ્યોએ પણ આ એકઝીબિશનમાં ભાગ લીધેલ અને આ ખુબ જ સરસ પ્રતિસાદ મળેલ.











## MTMA NEWS

MTMA અને K and D Communication Ltd. દ્વારા આયોજિત આ ગ્રુપ ટુર સંપૂર્ણપણે નિ:શુલ્ક ગોઠવેલ હતી. એસી બસમાં રાજકોટ થી વહેલી સવારે ગાંધીનગર જવા નીકળ્યા હતા અને વળતી વખતે લીમડી ગામે બધા જ સભ્યોએ એસોસિએશન દ્વારા ગોઠવેલ રાત્રી ભોજન સાથે લઈ આનંદ ઉલ્લાસ સાથે પરત આવ્યા હતા.

Engimach 2019 ની સાથો–સાથ Comfast અને INDIA TOOLS એ બંનેના શો નું પણ સુંદર આયોજન હતું. આ ઉપરાંત EEPC INDIA અને CGSC દ્વારા વિવિધ સેમિનાર અને Buyers-Seller meet નું પણ K and D Communication Ltd. દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આપણે સૌ જાણીએ છીએ તેમ, MTMA અને K and D Communication Ltd. દ્વારા થતું RMTS 2020 (Rajkot Machine Tools Show 2020) તા. 01-04 ડિસેમ્બર 2020 દરમ્યાન થશે. એ માટે ના સર્ક્યુલર આપને મળે જ છે તો ભાગ લેવા દરેક સભ્યો ને એક નમ્ર અપીલ છે.











## MTMA NEWS

### • ENGIMACH 2019 AT A GLANCE


























## MTMA NEWS

### • CULTURE MANAGEMENT SEMINAR

એસોસીએશનએ TUV-SUD સાથે મળીને કરેલા કુલ ચાર સેમિનાર પૈકી નો આ વર્ષનો ત્રીજો સેમીનાર Culture Management માટે હતો. તારીખ 28.12.2019 ના રોજ Hotel Sarovar Portico ખાતે આ સેમિનારનું આયોજન થયેલ. TUV-SUD તરફથી શ્રી અમિતભાઈ કેલૈયાએ ખુબજ સરળ ભાષામાં વિષયને આવરી લઇ, દ્રષ્ટાંતો સાથે, આ સેમિનારને સરસ રીતે ન્યાય આપેલ. આ સેમિનારમાં કુલ ૧૭ મેમ્બરોએ ભાગ લીધેલ. ભાગ લેનાર સૌ સભ્ય મિત્રોને એક અપીલ છે કે આ સેમિનારમાંથી પ્રાપ્ત થયેલ માહિતી અને અનુભવનો વધુમાં વધુ ઉપયોગ કરે અને એક ખાસ વિનંતી છે કે તેઓ આવનાર સેમિનારમાં ભાગ લે. જો સૌ મેમ્બર આ માટે થોડી તકેદારી રાખીને સમય ફાળવે તો એસોસીએશનની મહેનત સફળ થઇ કહેવાય અને એસોસીએશન વતી કામ કરતા દરેક આયોજકોનો ઉત્સાહ વધે, જેનાથી હજુ વધુ સારા અને જરૂરી વિષયો માટેના સેમિનારનું આયોજન કરી શકાય. આ નાણાકીય વર્ષ નો એક સેમીનાર હજુ બાકી છે, તેનો લાભ લેવા સર્વે સભ્ય–મિત્રોને હાર્દિક અપીલ છે.

MTMA દ્વારા થયેલ ત્રણેય સેમિનારમા ભાગ લેનાર સભ્ય ભાઈઓના મત મુજબ તેઓને ખુબ જ ફાયદો થયો છે. તો જે લોકો સેમિનારમા આવેલ નથી તેઓ પણ ભાગ લેનાર સભ્યભાઈઓના અભિપ્રાય લઈ જાણી શકે છે કે કેટલો ઉપયોગી થાય છે.





### • જીએસટી સરક્યુલર નં. ૧૨૩/૪૨ ને પરત ખેંચવા અંગે

આપણે સૌ જાણીએ છીએ એ મુજબ સરકારશ્રી દ્વારા GST માટેનો એક નવો સરક્યુલર નં. ૧૨૩/૪૨ તા. ૧૧.૧૧.૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જેને પરત ખેંચવા બાબતે આપણા એસોસીએશન દ્વારા એક વિગતવાર આવેદનપત્ર તા. ૨૨.૧૧.૨૦૧૯ ના રોજ નાણામંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આપેલ. આ આવેદનપત્રનો જવાબ સરકાર દ્વારા તા. ૩૦.૧૧.૨૦૧૯ ના રોજ આવેલ છે.


30 NOV 2019

## MTMA NEWS

MTMA એ આ વર્ષે NESCO Ltd. – Mumbai સાથે મળીને **MMT EXPO-2020** ને વધુ સફળ બનાવવાનું કાર્ય હાથ ધર્યું છે. મુંબઈ ખાતેનું નું સૌથી મોટું મશીન ટૂલ્સનું એક્સીબિશન થશે. આ માટે એસોસીએશનના પ્રયાસોથી MTMA Members ને સ્પેશ્યલ ડિસ્કાઉન્ટેડ રેટ થી બુકિંગ મળશે, જેનો સર્ક્યુલર બધાને મોકલેલ છે, આનો લાભ લેવા સર્વે સભ્યોને અપીલ છે. સ્ટોલ બુકિંગ માટે શ્રી પ્રશાંત બહેલ (98331 10372) નો કોન્ટેકટ કરવો.




દર ૨ વર્ષે યોજાતું આપણું પોતીકું **Rajkot Machine Tools Show (RMTS)** એક્સિબિશન આ વર્ષે, RMTS 2020, તારીખ ૦૧–૦૪ ડિસેમ્બર ૨૦૨૦ દરમ્યાન છે. આ માટે અત્યારે અમારી સમગ્ર સમિતિ K & D Communication Ltd. સાથે મળીને એસોશિએશનના સભ્યભાઈઓ માટે કઈક નવું અને વધુ સારું કરી છૂટવા માટે કટિબદ્ધ છે અને પૂરા જોમથી કાર્યો કરી રહેલ છે. આપણા ઘર આંગણે યોજનારા આ એક્સિબિશનમાં આપ સહુના પણ સાથ સહકારની ની જરૂર છે. આ માટે આપણા સભ્યભાઈઓ માટે સ્પેશ્યલ રેટ રાખેલ છે, જેનો સર્ક્યુલર વખતો–વખત તમોને મળતો જ હશે. આશા છે કે, આપ સૌના સહકારથી, આ વર્ષે RMTS 2020 વધુ મોટું અને વધુ સફળ રહેશે. RMTS 2020 એક્સિબિશનના બુકિંગ માટે શ્રી અમિત મિસ્ત્રી (98250 83530) નો સંપર્ક કરવો.








## MTMA News

- **MTMA Member's Activities**

Mr. Tejas Dudakiya, Director of M/s. Dowel Machinery Pvt. Ltd. – Veraval (Shapar), Dist. Rajkot received a prestigious Award for Industry 4.0 Hydraulic Press at 9th Business Leaders Summit & Award 2019 organised by Worldwide Achievers in association with Zee Business (Telecast Partner) on 09.08.2019 at Sahara Star, Mumbai.

On behalf of all our members, MTMA, congratulate Mr. Tejas Dudakiya for the great achievement and convey best wishes for future progress and success.




**Inauguration By:**

Shri Devendra Fadnavis
(Hon'ble Chief Minister of Maharashtra)

Shri Raosaheb Dadarao Danve
(Hon'ble Minister of State Consumer Affairs, Food and Public Distribution, Govt. of India)

Shri Ramdas Athawale
(Hon'ble Minister of State Social Justice and Empowerment, Govt. of India)

Shri Faggan Singh Kulaste
(Hon'ble Minister of State for Steel, Govt. of India)

Shri Kailash Choudhary
(Hon'ble Minister of State Agriculture & Farmers Welfare, Govt. of India)

Adv. Ashish Shelar
(Hon'ble Minister of School Education, Sports & Youth Welfare, Govt. of Maharashtra)

Shri Deepak Vasant Kesarkar
(Hon'ble Minister of State for Home(Rural), Finance & Planning, Govt. of Maharashtra)

Mr. Shakti Kapoor
(Indian Film Actor)

Mr. Surendra Pal
(Indian Film Actor)



## World Innovations

### • NORWAY'S $47BN COASTAL HIGHWAY

NORWAY'S western coast is carved by glaciers throughout the ages and home to some of the most dramatic landscapes on earth. These fjords stretch for 200 kilometers inland and are over a kilometer deep.

The current convoluted travel route through and around this terrain takes you along Norway's 1,100 kilometer E39 highway - a road with a total journey time of 21 hours.




The E39 runs between, Kristiansand in the far south of the country and Trondheim in the north. The route navigates its way across the fjord network and features no fewer than seven ferry crossings. With many of the fjords along the route being too wide or too deep for conventional infrastructure to cross, innovative new solutions are being investigated by the Norwegian Public Roads Administration. Rogfast is the first in a series of crossings that will link the E39, connecting Stavanger and Haugesund via a 27 kilometer under sea tunnel. This structure will reach depths of up to 390 meters below sea level, making it the deepest as well as the longest undersea road tunnel in the world. The Rogfast project will in fact consist of two tunnels connected every 250 meters with emergency exits, a lay-by at 500 meter intervals, telephone and surveillance cameras. With work begun in 2018, this element of the project is set to be completed by 2026.

The first is for a three tower suspension bridge, with two of the bridges' towers anchored on land and the third central tower anchored to the seafloor, some 400 meters below the water line. An alternative proposal for a "submerged floating tunnel" would see two interconnected tubes running side by side tethered to the seabed using high strength cables. By far the most complex and ambitious of all of the coastal highway crossings is that at Sognefjord - also known as the "King of the Fjords". Norway's largest and deepest fjord is over 3.7 kilometers wide and an incredible 1.3 kilometers deep at its lowest point.









A floating bridge is also being considered. However, this structure would need to raise to allow ships to pass and achieving such a feature in a bridge that is only anchored to each shoreline poses considerable engineering challenges that are yet to be overcome. A hybrid proposal is also being considered - combining a floating pontoon bridge with a portion of submerged floating tunnel that allows ships to pass overhead.



Finally, a proposal for a multi-span cable stayed bridge is under review. This structure would feature four floating pylons tethered to the sea floor rather like oil rigs. With safety and environmental considerations being of the utmost importance, Norway's vast coastal highway project is set to become a new benchmark in engineering capabilities and a model for future infrastructure projects around the world.



## કાયદાકીય સલાહ-સુચનો

અગાઉનાં અંકમાં જણાવ્યા મુજબ GST કાયદા અન્વયે આવતા નવા – નવા સુધારા વધારા, નોટીફીકેશન, સરક્યુલર, ક્લેરીફીકેશનથી માહિતગાર થઇ તે મુજબ વેપારીઓ પોતાના વેપાર ઉધોગને આગળ વધારવા, ચોક્કસ મુદાઓનું પાલન કરવાથી વેપાર ઉધોગને થતા ફાયદાઓ અંગે તેમજ વેપાર ધંધામાં આર્થિક નુકશાનીથી બચી શકાય તે માટેના કેટલાક જરૂરી પગલાઓ વિશે માહિતી આપેલ.

તાજેતરના જ સરકારશ્રીના GST કાયદા અન્વયે એક અતિ મહત્વનું કહી શકાય તેવુ ક્લેરીફીકેશન નવે. ૨૦૧૯ માસમાં બહાર પડેલ છે. જેની સમજુતી અને યોગ્ય માર્ગદર્શન આજના અંકનો મુખ્ય ઉદેશ છે.

(૧) સરકારશ્રી દ્વારા જી.એસ.ટી. કાયદા અન્વયે તા.૧૧/૧૧/૨૦૧૯ના રોજ ક્લેરીફીકેશન બહાર પાડવામાં આવેલ છે. જેનો અમલ ઓક્ટોબર – ૧૯ ના GSTR-3B પત્રક ભરવાથી જ લાગુ કરવામાં આવેલ છે.

અત્યાર સુધી ચોપડે દરેક વેપારી પેઢી દ્વારા નોંધાયેલા બધા બીલોની ક્રેડીટ
ઇનપુટ તરીકે લેવામાં આવતી હતી, જેમાં ફેરફાર કરવામાં આવેલ છે. હવે જે માસનું GSTR-3B ભરવાનો સમય આવે તે માસનું GSTR-2A ડાઉનલોડ કરી તેમાં જે રકમ ક્રેડીટ બતાવે તે ઉપરાંત તે જમા રકમ – ક્રેડીટનાં વધુમાં વધુ 20% રકમ ક્રેડીટ તરીકે મળી શકશે. આવું સરકારશ્રી દ્વારા ૧૮/૧૨/૨૦૧૯ ની GST કાઉન્સીલની મીટીંગમાં નક્કી થયેલ, જેમાં સરકારશ્રી દ્વારા 20% વધુ રકમના બદલે 10% તા. ૦૧/૦૧/૨૦૨૦ પછી ભરાતા તમામ પત્રક માટે કરવામાં આવેલ છે. જ્યારે બાકી ખરીદીના બીલોની ક્રેડીટ વેંચનાર વેપારી જ્યારે તેનું પત્રક GSTR-1 ભરી બીલો અપલોડ કર્યેથી જ મળશે જે ક્યારે અને કેવી રીતે ગણતરી થઇ શકશે તે હાલ મોટો પ્રશ્ન રહેશે.

આમ કહી શકાય કે વેંચનાર વેપારી જે માસમાં રીટર્ન ભરી થતો વેરો ભરે અને તેનું પત્રક 2A યોગ્ય રીતે દર્શાવે ત્યારે જ ખરીદનાર વેપારીને ક્રેડીટ મળશે. હાલ GSTકાયદા અન્વયે જ નિયમાનુસાર વેપારીઓને GSTR-1 પત્રક તેના વાર્ષિક ટર્નઓવર મુજબ માસીક કે ત્રિમાસીક ભરવાનું થાય છે આથી જો ત્રિમાસીક પત્રકો ભરનાર વેપારી પાસેથી ખરીદેલા માલનું તે વેપારી પોતાનું ત્રિમાસીક પત્રક વેરો ભરે ત્યારે જ માસિક પત્રક ભરનાર વેપારીને તેની ક્રેડીટ મળી શકશે. ત્રિમાસીક પત્રક ભરવાની તારીખ મુજબ આ ITC માસિક વેરો ભરતા વેપારીને પાંચમાં માસમાં મળી શકશે.

હાલ આ પધ્ધતિ બિલકુલ અવ્યવહારૂ સાબીત થશે કારણ કે ક્રેડીટ રકમના હિસાબોનું મેળવણું ખુબ જ મુશ્કેલ અને અવ્યવહારૂ બની મીસમેચના મોટા પ્રશ્નો ઉભા થશે. પરિણામે ટ્રેડ યાને ઉધોગ જગતની લાખો – કરોડોની રકમની ક્રેડીટ જમા હોવા છતાં GSTR-3B પત્રકે પૈસા ભરવાના થશે. જો માસીક GSTR-1 પત્રક ભરતા નિયમીત વેપારીપેઢી પાસેથી જ માલની ખરીદી કરવામાં આવે તો જ ITC GSTR-3B પત્રક સાથે મેચ થશે. આમ વેચનાર વેપારી પેઢી દ્વારા GST પોર્ટલ પર સરકારશ્રી દ્વારા નક્કી કરેલ સમયમર્યાદામાં ફાઇલ થયેલ રીટર્ન અને ભરેલ ટેક્સથી જ ખરીદનાર વેપારીને ઇનપુટ ટેક્સ ક્રેડીટ બાદ મલશે. અને તા. ૧૦/૦૧/૨૦૨૦ પછી જેટલા GSTR -I DEFAULT હશે તેને રોજ ના રૂ. ૫૦/– લેખે GSTR-3B પત્રકની જેમ લેટ–ફી ભરવાની ફરજીયાત થશે જેની અત્રે ખાસ નોધ લેવી.

ઉપરના સંજોગોમાં વેપારીશ્રીઓને વરદાન સમાન એક મોબાઇલ એપ્લીકેશન પ્લેસ્ટોરમાં ઉપલબ્ધ છે.જેમા કોઇ પણ GST નોંધણી નંબર ધરાવતા વેપારી કે જેની સાથે તમે ખરીદી–વેંચાણના વ્યવહાર કરવાના છો તેઓના GST નંબર નોંધણી લીધા તારીખથી ક્યાં સુધી રીટર્ન ફાઇલ થયા છે. તેની હિસ્ટ્રી તમે એકદમ સરળ મોબાઇલ એપ્લીકેશનથી જોઇ શકો છો. આ મોબાઇલ એપ્લીકેશન માટે આપને આપના સ્માર્ટ ફોનમાં પ્લેસ્ટોરમાંથી “PERIDOT” https://play.google.com/store/apps/details?id=com.irisgst.taxpayer.peridot નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી કોઇ પણ નોંધણીનંબર તેમાં લખીને સર્ચ કરી અથવા તેમાં આપેલ કેમેરાથી GST નંબર સ્કેન કરી તે નોંધણીનંબર ધરાવનારનું નામ, સરનામુ, GSTR I & 3B ફાઇલીંગ સ્ટેટસ GST નંબર લીધેલ ત્યારથી અત્યાર સુધીની માહીતી દર્શાવશે. જે GST પોર્ટલ પર છેલ્લા દસ રીટર્ન ફાઇલીંગની વિગત દર્શાવે છે. આમ હાલના સંજોગોમાં આ





## કાયદાકીય સલાહ-સુચનો

એપ્લીકેશન વેપારીવર્ગને વરદાન સમાન બની શકશે. જેનો લાભ લેવો.

(૨) GST પોર્ટલ પર એક સારી સુવિધા સરકારશ્રી તરફથી એ કરવામાં આવી છે કે તમે જેમની પાસેથી માલ ખરીદ કરો છો તે વેપારી દ્વારા જ્યારે પોતાનો વેંચાણનો ડેટા અપલોડ કરવામાં આવે કે તેમનું GSTR-1 ફાઇલ કરવામાં આવે કે તુરંત એમણે જેટલા વેપારીની વેંચાણની વિગત દર્શાવેલ હશે તે તમામને તેમના GSTR 2A માં તેમના ખરીદ બીલની વિગત ચેક કરવા મળશે. આમ આપણે GSTR2A નિયમિત ચેક કરી આપણા ખરીદ બીલની વિગત ન દર્શાવતા વેપારીને તેની જાણ કરી સવેળા ભુલસુધારણા કરાવી ITC મીસમેચની આવતી નોટીસથી બચી શકાય. ઘણી વખત વેંચનાર વેપારીએ તેમના રીટર્ન ભરેલ ન હોય તો તેમને ચુકવવાની થતી રકમમાંથી ટેક્સની રકમ જેટલું તેમનું પેમેન્ટ અટકાવી તેઓને રીટર્ન ફાઇલ કરવા અથવા ભુલસુધારણા કરવા દબાણ લાવી શકાય. અત્રે ખાસ ધ્યાન રાખવું એ જરૂરી છે કે માલની ખરીદી કર્યાના ૧૮૦ દિવસમાં તેનું પેમેન્ટ GST કાયદાની જોગવાઇ મુજબ કરવું ફરજીયાત છે જો તેમ કરવામાં ચુક થાય તો સરકારશ્રી પાસે બાદ માગેલ તે બીલની ITC આપોઆપ રીવર્સ થઇ શકે. આમ ૧૮૦ દિવસની અંદર વેંચનાર વેપારી પોતાની ભુલસુધારણા અથવા ભરવાનું બાકી GST રીટર્ન ભરી આપે તેવી કામગીરી તેની પાસે કરાવી શકાય.

(૩) E-Way Bill બનાવવા માટે સરકારશ્રી તરફથી જે મર્યાદા નક્કી કરવામાં આવેલ છે તે મુજબ રૂ.૫૦,૦૦૦/– કે તેનાથી વધુનું ટેક્સ સહીતનું વેંચાણ બીલ હોય અને તે માલનું વહન કોર્પોરેશન હદ બહાર જ્યારે થાય ત્યારે E-Way Bill બનાવવું ફરજીયાત છે અને આપ સૌ બનાવતા હશો જ. પરંતુ રૂ.૫૦,૦૦૦/– થી ઓછી રકમ અથવા તો ટેક્સ ફ્રી માલના વહન દરમ્યાન સરકારશ્રી દ્વારા બીલ તથા માલની ચકાસણી કરવામાં આવે અને ત્યારે જો E-Way Bill બનાવેલ હશે તો આપણા વ્યવહારને શંકાના દાયરામાં ન લઇ સરળતાથી ચેકીંગની કામગીરી પુર્ણ કરવામાં આવી શકે.

(૪) આપની GST નોધાયેલી પેઢીમાંથીઆપ સરકારી એકમ સાથે ધંધાકીય વ્યવહાર કરતાં હો અને સરકારી એકમ જો આપને GST TDS કાપીને બાકીની અવેજ આપને ચુકવતું હોય તો તેની વિગત વહેલી તકે જે આપના GST રીટર્ન ભરતા હોય તેને પહોચાડવી, કારણ કે તેનુ અલગથી રીટર્ન ભરવાનું થશે જેથી તેઓએ કાપેલ TDS (GST) આપને આપના GST કેશ લેઝરમાં આવી જશે.

આમ ઉપરના મુદાઓ ધ્યાને લઇ GST પોર્ટલની તથા GST પોર્ટલને સંલગ્ન મોબાઇલ એપ્લિકેશન સુવિધાનો ઉપયોગ કરી આપણા વેપાર ઉધોગને નુકશાનીમાંથી અવશ્ય ઉગારી શકાય. સુચવેલ મુદાઓનું પાલન કરવાથી આપણો વેપાર–ઉધોગ ૧૦૦% સુરક્ષિત છે એમ ન કહી શકાય પરંતુ ૧૦૦% સુરક્ષિત રાખવા માટેના પ્રયત્નો અગત્યના છે.

આભાર...



**શ્રી પૌરવભાઇ એચ. પોપટ**
**એડવોકેટ**

જે શ્રી ઓ. એલ. પોપટ દ્વારા સને ૧૯૬૧ માં સ્થાપેલ નામાંકિત પેઢી મે. ઓ. એલ. પોપટ & કંપનીમાં GST, INCOME TAX, AUDIT, LIC વગેરે સેવાઓના સલાહકાર તરીકે ૧૩ વર્ષથી શ્રી હરેનભાઇ ઓ. પોપટ – એડવોકેટ સાથે કાર્યરત છે. તેમજ તેઓની પેઢી સને ૧૯૮૫ થી “MTMA” સાથે સંકળાયેલ છે.

## કાયદાકીય સલાહ–સુચનો

- **Latest Minimum Wages in Gujarat -** 01-10-2019 to 31.03.2020

Within the Municipality Area (Zone-I)

| Worker Category | Daily Wages | | Monthly Wages |
|---|---|---|---|
| Skilled | Basic | 293.00 | 7618.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **335.40** | **8720.40** |
| Semi-Skilled | Basic | 284.00 | 7384.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **326.40** | **8486.40** |
| Un-Skilled | Basic | 276.00 | 7176.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **318.40** | **8278.40** |

Outside the Municipality Area (Zone-II)

| Workers Category | Daily Wages | | Monthly Wages |
|---|---|---|---|
| Skilled | Basic | 284.00 | 7384.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **326.40** | **8486.40** |
| Semi-Skilled | Basic | 276.00 | 7176.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **318.40** | **8278.40** |
| Un-Skilled | Basic | 268.00 | 6968.00 |
| | D.A. | 42.40 | 1102.40 |
| | **Total** | **310.40** | **8070.40** |





## Useful Apps

### Stay On (4.3 / 5.0 Review Ratings)

આવું તમારે થતું હશે...!!??

તમે તમારા ફોન પર કોઈ ટૂ–ડૂ, યાદી કે ફોન નંબર ટાઇપ કરી રહ્યાં છો, પરંતુ તમે એક સેકંડ માટે ટેલિવિઝન પર નજર કરો છો, અને જ્યારે તમે પાછા ફોનની સ્ક્રીન બાજુ જોશો ત્યારે તમારા ફોનની સ્ક્રીન જાતે બંધ થઇ ગઈ હશે.

અથવા તમે તમારા ફોન પર કેટલીક ઓન–લાઈન બેન્કિંગ કે અન્ય મહત્વનું કામ કરી રહ્યાં છો પરંતુ તમારું ધ્યાન તમારા બાળક દ્વારા કોઈ પ્રશ્ન પૂછવાથી ખેંચાય છે, અને જ્યારે તમે પાછા ફોન પર આવો છો ત્યારે તમારી ફોનની સ્ક્રીન ઓફ થઇ ગઈ છે..

અથવા તમે તમારા ફોન પર ઇ–મેઈલ ટાઈપ કરી રહ્યાં છો, અને જ્યારે તમે કઈક વિચારવામાં થોડો સમય કાઢો છો, ત્યારે તમારી ફોનની સ્ક્રીન બંધ થઈ ગઈ હોય છે...

આ માટે એક સરસ નાની એપ છે.... Stay on જેની મદદથી તમે તમારી સ્ક્રીન ચાલુ જ રહે તે સમયને સરળતાથી લંબાવી શકો છો!

આ એપનું ટોગલ બટન એક વાર દબાવવાથી સેટ કરેલો લાંબો સમય (દા.ત. ૩૦ મિનીટ) માટે ફોનની સ્ક્રીન ચાલુજ રહેશે અને એજ બટન બીજીવાર દબાવવાથી ફોનનો ઓરીજીનલ "Screen Time Out" (દા.ત. ૩૦ સેકંડ) સેટ થઇ જશે.

જયારે આ એપ ચાલુ હશે ત્યારે તેનો લોગો નેવિગેશન બાર માં બતાવશે અને આ ઉપરાંત તમે તેમાં સ્ક્રીન ઓન રાખવા માટેનો સમય પણ સેટ કરી શકો છો.

https://play.google.com/store/apps/details?id=greenledsoftware.stayon&hl=en_IN

### Auto Speaker (4.1 / 5.0 Review Ratings)

આ સરળ એપ્લિકેશન ફોન પોઝિશન અનુસાર ફોન કોલ દરમિયાન સ્પીકર સ્ટેટસને આપમેળે કંટ્રોલ કરે છે.

તમારા મોબાઈલ ફોનને સરળ રીતે સ્પીકર ફોન તરીકે વાપરવા માટે આ એક બહુ ઉપયોગી એપ્લિકેશન છે.

ફોન ઉપાડીને વાત કરવા કરતાં ઘણી વાર આપણને સ્પીકર ફોન તરીકે વાપરવામાં વધુ અનુકૂળતા રહેતી હોય છે, ખાસ કરીને ઓફિસમાં.

આ એપ્લિકેશન ખૂબી એ છે કે તમારા સ્પીકરને ઓટોમેટીક ઓન–ઓફ કરે છે.

જ્યારે તમે આ એપ એક્ટિવેટ કરેલી હોય ત્યારે ફોન કનેક્ટ થતાં જ સ્પીકર આપોઆપ ચાલુ થઈ જાય છે, અને તમે તમારો હેન્ડસેટ કાન પાસે લાવો ત્યારે સ્પીકર ફોન બંધ થઈ નોર્મલ મોડ ચાલુ થઈ જાય છે, ફરીથી તમે જો ફોન કાન થી દૂર લઈ જાઓ તો સ્પીકર ફોન ચાલુ થઈ જાય છે.

https://play.google.com/store/apps/details?id=com.hanan.android.ramkol&hl=en_IN

## ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરની કલમે...



**- શ્રી જયભાઇ માવાણી**
**(ટર્નમેકસ મશીન ટૂલ્સ, રાજકોટ)**
(૨૦૦૩-૨૦૦૫ કારોબારી સભ્ય, ૨૦૦૫-૨૦૧૯ જો. સેક્રેટરી)

આજકાલ મેન્યુફેકચરીંગ સાથે સંકળાયેલા મોટા ગૃહોમાં બહુ ચર્ચાતો વિષય Industry 4.0 છે. Industry 4.0 એ ચોથું ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશન છે જે છેલ્લા થોડા વર્ષો થયા વિકસીત પશ્ચિમી રાષ્ટ્રોમાં અમલમાં આવવા મંડયુ છે અને જેના પાયા ૨૦૧૧માં જર્મનીમાં નખાયા હતા. જેમ ૨૦ વર્ષ પહેલા કોઇએ કલ્પના નહીં કરી હોય કે બે દસકાના ટુંકા ગાળામાં હાથથી સંચાલીત અને કન્વેનષ્નલ મશીન ટુલ્સનું સ્થાન લગભગ સંપૂર્ણપણે CNC મશીનો લઇ લેશે એમજ અત્યારે મેન્યુફેકચરીંગ સાથે સંકળાયેલા સરેરાશ ઉધોગકારને કલ્પના ન હોય એટલી ઝડપથી Industry 4.0 નું અતિક્રમણ મેન્યુફેકચરીંગ જગતમાં થઇ રહ્યુ છે. મશીન ટુલ્સના ભારતના જ નહીં પરંતુ આખા સાઉથ એશિયામાં શિરમોર એક્ષીબીશન IMTEX 2019 માં આ વર્ષે Industry 4.0 માટે એક અલાયદુ પેવેલીયન ફાળવવામાં આવેલુ.

મેન્યુફેકચરીંગ ક્ષેત્રે આમુલ ક્રાંતિ સર્જી હોય એવા ત્રણ મોટા ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશન અત્યાર સુધીમાં થઇ ગયા અને આ Industry 4.0 એ ચોથું રીવોલ્યુશન અત્યારે આકાર લઇ રહ્યુ છે. ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશનની શરૂઆત કેવી રીતે થઇ તે જાણવું રસપ્રદ થઇ પડે એમ છે.

પહેલા ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશનની શરૂઆત ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ગ્રેટ બ્રીટનથી થઇ, ત્યાં સુધી દુનિયાભરના લોકો માટે ખેતી એજ સૌથી મોટો વ્યવસાય હતો. લોકોનું રહેવાનું પોતાની ખેતીની જમીન નજીક નાના-નાના ગમડાઓમાં હતું અને જીવન જરૂરીયાતની કાપડ જેવી બીજી વસ્તુઓનું ઉત્પાદન સંપૂર્ણપણે હાથ બનાવટથી નાના-નાના ઘરોમાં થતું જેને લઇને કોટેજ ઇન્ડસ્ટ્રી શબ્દ અમલમાં આવ્યો.

૧૭૭૫માં સ્ટોકલેન્ડ-બ્રીટનની જેમ્સ વોટે સ્ટીમ એન્જીનની શોધ કરી અને એના ઉપયોગને કારણે કાપડ બનાવવા જેવી અત્યાર સુધી હાથથી થતી પ્રક્રીયાનું મીકેનાઇઝેશન-યાંત્રીકરણ શકય બન્યું. ટ્રાન્સપોર્ટેશન પદ્ધતીમાં પણ સ્ટીમ એન્જીનને કારણે ધરખમ ફેરફાર થયો અને ત્યા સુધી ઘોડાગાડીથી થતી અત્યંત ખર્ચાળ અને ધીમી માલની હેરાફેરી રેલ્વે સ્ટીમ એન્જીનથી થવા લાગી જે એકદમ ઝડપી અને કીફાયતી હતી. ઇકોનોમી ઓફ સ્કેલનો લાભ લેવા મોટી ફેકટરીઓ સ્થપાવા લાગી અને ગામડામાં રહેતા લોકો હવે આવી ફેકટરીઓમાં કામ કરવા શહેરોમાં વસવાટ કરવા લાગ્યા અને શહેરીકરણ થવાથી પ્રક્રીયા શરૂ થઇ. (ખેતીની અને તેને લઇને ખેડૂતની અધોગતી થવાના મુળતો અઢીસો વર્ષો પહેલા શરૂ થયેલા આ ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશનમાં રોપાયેલા છે.)

બીજા સો વર્ષો સુધી કોલસાનો ઉપયોગ કરી પાણીને ગરમ કરી વરાળ-સ્ટીમનો ઉપયોગ કરી અગાઉ હાથથી થતી અનેક પ્રક્રીયાનું મીકેનાઇઝેકશન શકય બન્યું. આ ઔધોગીક ક્રાંતી ફકત બ્રીટન પુરતીજ સીમીત ન રહેતા પુરા યુરોપ અને યુ.એસ.માં પણ ફેલાણી પરંતુ બ્રીટનનો આ સમયગાળા દરમ્યાન ખાસ્સો દબદબો રહ્યો.





## આમંત્રિત લેખકની કલમે...

### • Leadership develops daily, not in a day

To manage your current business, you can work as a management but to grow your enterprise, you have to lead from the front and lead the team and not only the business.

Team make your company grow; you cannot do it alone. You only LEAD.

Becoming a leader is a lot like investing successfully in the stock market. If you want to turn around your fortune in a day, you are not going to be successful. It's a journey that you have to travel alone at the top. What matters most is what you do day by day over the long haul. If you want to know the secret of any successful business owner, it is found in his daily agenda.

You would become tomorrow, what you are becoming today.

Whether you do or don't have a natural ability for leadership, your development will probably occur according to four phases. Of coruse it depends how much you recognize it and make it realize by making changes in your development ladder. It is your personal journey

1st Phase : The UNAWARE State : I DON'T KNOW WHAT I DON'T KNOW :

Most people fail to recognize the value of leadership. They believe that leadership is only for a few people at the top of the corporate ladder. They have no idea of the opportunities they are passing up when they don't learn to lead. Its unfortunate because as long as a person does not know what he does not know, he does not grow.

2nd Phase : The AWARE State : I KNOW WHAT I DON'T KNOW

Usually at some points in life, we are placed in a leadership position only to look around and discover that no one is following us. That's when we realize that we need to learn now to lead. And of course, that's when its possible for the process to start. Successful leaders are learners. And the learning process is ongoing. A result of self-discipline and Perseverance

3rd Phase : The State of AWARENESS: I GROW and KNOW AND IT STARTS TO SHOW:

when you recognise your lack of skills and begin the daily discipline of personal growth in leadership, exciting things start to happen.

4th Phase : The state of Growth : I SIMPLY GROW BECAUSE OF WHAT I KNOW :

When you are in phase 3, you can be pretty effective as a leader. But you have to think about every move you make. However, when you get to phase 4, your ability to lead becomes almost automated. And that's when the pay-off is larger than life. But the only way to get there is to recognise the process and pay the price.

If I say that above four phases are the approach to build your leadership structure, following are the cement, steel and other construction material.

1. Self-Discipline – The first person you lead is YOU.
2. Priority Management ( not time management )
3. Develop Trust – (Trust is the foundation of leadership )
4. Character communicates – make it strong, tall and dot less.
5. Ability to make other visualise (Vision ). You reach there only what you can see today.
6. The right attitude – Your personal window through which you see the whole world.



Mr. Virat Dhebar is a leadership mentor, coach for young mangers and global speaker. He has vast industry experience of more than 28 years including manufacturing, auditing , training and other transformation assignments. He has delivered his services in many countries apart from India including USA, Germany, Singapore, Malaysia, Israel, Thailand, SAARC countries. He was also on the board of Quality council of India (NABET) representing all Certification bodies.

**Virat Dhebar**
Assistant Vice President
Academy
TUV SUD South Asia

## MTMA Delegation at various Exhibitions and Summits








## VISION 2020

We will be in the Top 5 Machine Tool Building Nations by 2020 Leveraging World Class R & D Infrastructure, Systems and People Delivering Innovative Solutions and Services to Create "Value for Customers"

## MISSION 2020

We the Rajkot Machine Tools Manufacturers shall Achieve 1st Position in Indian Machine Tools Industry by delivering wide range of cutting edge products through professional management, frugal engineering value chain, partnering suppliers, driven by Customers satisfaction.

## MTMA કેલેન્ડર

| No. | Date | Details | City | Duration |
|---|---|---|---|---|
| 1 | 15.02.20 | Seminar on Effective Communication Skill | Rajkot | 1 Day |

- ઉપરોક્ત કાર્યક્રમ ની તારીખ અને અન્ય માહિતીઓ દરેક મેમ્બર્સને યોગ્ય સમયે જાણ કરવામાં આવશે.
- ઉપરોક્ત કાર્યક્રમમાં અનિવાર્ય સંજોગોને આધીન ફેરફાર થઇ શકે છે.

### • મશીન ટૂલ્સ એકસીબીશન કેલેન્ડર (આવતા 3 મહિના માટે)

| No. | Date | Details | City | Frequency |
|---|---|---|---|---|
| 1 | 03.01.20 to 06.01.20 | Jamnagar Tech-Fest 2020 | Dared, Jamnagar | Every 2 Years |
| 2 | 23.01.20 to 28.01.20 | Imtex 2020 (Forming) | BIEC, Bangalore | Every 2 Years |
| 3 | 25.02.20 to 28.02.20 | China Machine Tool Exhibition | Shanghai, China | Every Year |
| 4 | 13/01/20 to 16/01/20 | Steelfab | Sharjah, UAE | Every Year |
| 5 | 12.02.20 to 15.02.20 | Thailand Industrial Fair | Bangkok, Thailand | Every Year |
| 6 | 04.03.20 to 06.03.20 | Automation World | Seoul, South Korea | Every Year |
| 7 | 10.03.20 to 13.03.20 | Metav Dusseldorf | Dusseldorf, Germany | Every 2 Years |
| 8 | 11.03.20 to 14.03.20 | MMT Expo 2020 | BEC, Mumbai | Every 2 Years |
| 9 | 12.03.20 to 15.03.20 | CIEX | Tianjin, China | Every Year |
| 10 | 28.03.20 to 21.03.20 | St. Petersburg Technical Fair | St. Petersburg, Russia | Every 2 Years |
| 11 | 24.03.20 to 26.03.20 | Uzmetal - Mashexpo | Tashkent, Uzbekistan | Every Year |
| 12 | 26.03.20 To 28.03.20 | Macchine & Utensili | Parma, Italy | Every Year |

- ઉપરોક્ત માહિતી આયોજકોના સર્ક્યુલર, ઈમેલ અને ઓનલાઈન ડેટા માંથી લીધેલ છે.
- MTMA ઉપરની કોઈપણ માહિતીની ખાતરી આપવા માટે બંધાયેલ નથી.





SANTOSHI ELECTRO. ENGINEERING

CNC, PLC, SPM, Machine Control Panel Builder and AC, DC Drives and Industrial Machine Panel Maintenance

Automation Solution



Samrat Ind. Area, Street No. 3/6 Corner, B/h ST Work Shop, Nr. Chandan Marble, Gondal Road, Rajkot - 360004 | Ph.: 0281 2365806 | Mo.: +91-9925025806, 9925797917
Email : santoshi.electro@gmail.com | Web : www.santoshielectroengineering.com

## છેલ્લે એક નાની વાત...

મૃત્યુ પહેલા એક પિતાએ તેના પુત્રને કહ્યું ‘તારા દાદાએ આપેલી આ ઘડિયાળ છે અને ૨૦૦ વર્ષથી વધુ જુની છે., પરંતુ હું તમને તે આપુ તે પહેલા તમે પહેલી શેરીના નાકે આવેલી ઘડિયાળની દુકાન પર જાઓ અને તેને કહો કે હું આને વેચવા ઈચ્છું છું, જુઓ કે તે શું ભાવ આપે છે?’

તે ગયો અને પછી પાછો તેના પિતા પાસે આવ્યો, અને જરા ગુસ્સાથી કહ્યુ, ‘શેરીના નાકે આવેલ ઘડિયાળીએ આના ૫૦ રૂપિયા કહ્યા. કારણ કે આ ઘડિયાળ બહુ જુનવાણી, કટાઇ ગઈ છે, ઘસાઈ ગઈ છે, આતો હવે ખાલી એક ધાતુનો ટુકડો જ છે અને આવી વસ્તુની કોઈ કિંમત ન આપે. પિતાજી, તમે આને સાચવીને બહુ મોટી ભૂલ કરી છે અને મને ખોટી રીતે દોડ દોડ કરાવો છો...’

પિતાએ મરક મરક હસતા હસતા કહ્યુ, ‘દિકરા, હવે તુ આ જુનવાણી ઘડિયાળને લઈને શહેરમાં આવેલ Museum મા જા અને કહેજે કે મારે આ વેચવી છે...’

ત્યારબાદ તે શહેરમાં આવેલ Museum માં ગયો અને હરખાતો અને દોડતો પાછો આવ્યો અને તેના પિતાને કહ્યુ, ‘તેઓ તો મને આ ટુકડા માટે ૫૦ લાખ રૂપિયાની ઓફર કરી..!’

પિતાએ કહ્યુ, ‘હું તને જણાવવા માગતો હતો કે યોગ્ય સ્થાન જ તમારી કિંમતને યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકે છે, તમારી જાતને ખોટી જગ્યાએ ન મૂકો કે એવી જગ્યાએ ન રહો જે તમને અનુકૂળ ન હોય અને છતાં તમે જો એમ કરતા હો તો ગુસ્સે થશો નહી... તમારું મૂલ્ય તે છે, જે તમારી પ્રશંસા કરે છે, એટલે જ કહું છું કે તમારી કિંમત જાણો..’








## ASSOCIATION'S COMMITTEE LIST - 2019-20 / 2020-21

| No. | Committee | Members Name | Contact |
|---|---|---|---|
| 1 | Office Building Committee | Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Piyush Dodia | 9825075023<br>9227744900<br>9825267325<br>9426734687 |
| 2 | Bearing Committee | Mr. Sachin Nagewadia<br>Mr. Ketan Gajera | 9426900070<br>9998844445 |
| 3 | Exhibition & Seminar Committee | Mr. Tejas Dudakiya<br>Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Bipin Siddhapura | 9824231975<br>9825075023<br>9227744900<br>9898858313 |
| 4 | Members Directory & Web Portal Committee | Mr. Haresh Patel<br>Mr. Ashwin Kawa<br>Mr. Deval Ghorecha<br>Mr. Ghanshyam Parmar | 9825211988<br>9825076452<br>9824222448<br>9825216374 |
| 5 | Membership Committee | Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Rajesh Dodia | 9227744900<br>9825267325<br>9824088998 |
| 6 | Sports Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Sachin Nagewadia<br>Mr. Brijesh Sapariya | 9824324398<br>9426900070<br>9825267325 |
| 7 | Cluster Development, Bulletin & other Activity Committee | Mr. Deval Ghorecha<br>Mr. Yogin Chhaniara<br>Mr. Tejas Dudakiya<br>Mr. Kanaksinh Gohil | 9824222448<br>9825075023<br>9824231975<br>9824324398 |
| 8 | Account / Charity Commissioner & Taxation Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Yogin Chhaniara<br>Mr. Bipin Siddhapura | 9824324398<br>9825075023<br>9898858313 |

Founded in 1985

# MACHINE TOOLS MANUFACTURERS ASSOCIATION

**Highlights of Various Activities Initiated by MTMA**

- Organizing various Technology Up-gradation Programs
- Organizing various informative and awareness seminars at subsidized rates
- Group Participation of MTMA members in various Industrial Exhibitions at special prices
- Group visits of MTMA members in various National & International Industrial Exhibitions
- Organizing Rajkot Machine Tools Show (RMTS) with special prices for MTMA members
- Supports various Industrial Exhibitions
- Interactive meetings with various National & International delegations
- Distribution of Industrial Bearings at lowest possible prices exclusive for MTMA members
- Convey the voice of members to related Government bodies
- Social Contribution Activities
- Transparent administration

**MACHINE TOOLS MANUFACTURERS ASSOCIATION**

44 - Shivanand Complex, Near Mehta Petrol Pump,
Dhebar Road, Rajkot- 360002 (Gujarat - India)
+91 281-2238708 | +91 94274 10851
mtmarajkot@gmail.com
www.mtmarajkot.org
www.facebook.com/groups/165606853495237/